કેસ પ્રાપ્તિ તારીખ : ૦૬/૦૧/૨૦૧૮
કેસ દાખલ તારીખ : ૦૬/૦૧/૨૦૧૮
કેસ નિર્ણિત તારીખ : ૦૭/૦૪/૨૦૧૮
અવધીઃ ૦૦–વર્ષ, ૦૩–માસ, ૦૧દિવસ

**કુતિયાણાના જયુડીશયલ મેજીસ્ટ્રેટ,ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ, મું. કુતિયાણા**

**ફોજદારી કેસ નં.૧/૨૦૧૮**

**આંક–૨૦**

શ્રી સરકાર
(કુતિયાણા પોલીસ સ્ટેશન ગુન્હા
રજીસ્ટર નં. ફર્સ્ટ–૩૦/૨૦૧૭) .. .. .. **ફરીયાદી**

**–વિ રૂ ધ્ધ–**

(૧) નવઘણ પરબત ખુંટી
ઉ.વ.૪૦
(૨) નારણ સાંગા મોરી,
ઉ.વ.૪૨,
રહે. બંનેઃ દેવડા, તા.કુતિયાણા. .. .. .. **આરોપીઓ**

**ગુન્હો** : ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી જે.કે.પંડયા

આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એસ.ડી.પરમાર

**–:: ચુ કા દો ::–**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ ગઈ તા.૧૧/૦૬/૨૦૧૭ ના કલાક ૭/૩૦ વાગ્યાના અરસામાં ફરીયાદી તથા તેના બાપુજી મોટર સાયકલમાં દેવડા ગામે સુદામા ડેરીએ દૂધ આપવા ગયેલ તે વખતે આ કામનાં ફરીયાદી તથા આરોપીઓને રસ્તો ટુંકો કરવા બાબતે બોલાચાલી થયેલ અને બંને વચ્ચે મનદુઃખ થતા કલાક ૮/૦૦ વાગ્યે દેવડા ગામના બસ સ્ટેન્ડ પાસે ચોકમાં ફરીયાદી તથા સાહેદ નં.૭ તેની મોટર સાયકલ લઈ આવતા આરોપીઓ મોટરસાયકલ માં આવી ઉભી રાખી સામસામે મારામારી થતા આરોપી નં.૧ નાંએ ગેરેજ માંથી ટોમી લાવી ને ફરીયાદીને માથામાં મારી દીધેલ તેમજ ટચલી આંગળીની બાજુમાં લાગતા ફ્રેકચર થયેલ

અને ડાબા પગના નળામાં ઘા મારતા મુંઢ ઈજા કરી આડેધડ માર મારેલ અને આરોપી નં.૨ નાંએ સાહેદ વચ્ચે પડતા લાકડીથી સાહેદ નં.૭ ને પડખાના ભાગે મારતા પડી ગયેલ અને જતા–જતા આરોપી નં.૧ નાંએ જો માર્ગ નહીં કાઢી આપો તો જાનથી મારી નાખવાની ધમકીઅ ાપી તથા મ્હે. જીલ્લા મેજી.સાહેબ પોરબંદરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને ગુનો કરતા, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૩૨૪,૩૨૫, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા હાજર થતા આરોપીઓને ક્રિ. પ્રો. કો.કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી આંક–૬ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આંક–૭ તથા ૮ થી આરોપીઓનું પ્રાથમિક નિવેદન નોંધેલ છે જેમાં આરોપીએ તેમની સામેના આરોપનો ઈન્કાર કરેલ છે. જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u> :**

| ક્રમ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી રણમલ જેઠાભાઈ કેશવાલા | ૧૧ |
| ૨. | સાહેદ જેઠાભાઈ મુળુભાઈ કેશવાલા | ૧૩ |

**<u>દસ્તાવેજી પુરાવો</u> :**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૧૨ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૪ |
| ૩. | આરોપીઓનુ અટક પંચનામુ | ૧૫ |
| ૪. | ફરીયાદીની શરીર સ્થિતીનું પંચનામુ | ૧૬ |
| ૫. | હથિયારબંધીનુ જાહેરનામુ | ૧૭ |
| ૬. | ઈજાનું મેડીકલ સર્ટીફીકટ | ૧૮ |

(૫) આ સિવાય ફરિયાદ પક્ષ તરફથી અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી. ફરિયાદ પક્ષે આંક–૧૯ ની પુરસીસથી પુરાવો પુરો થયાનું જાહેર કરતા આ કામે પડેલ પુરાવા પરથી આ કામના આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવાલાયક પુરતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા અને આરોપીઓના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે,

જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૬) ઉપરોકત હકીકતોના આધારે કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૧/૦૬/૨૦૧૭ ના કલાક ૭/૩૦ વાગ્યાના અરસામાં દેવડા ગામે દૂધની ડેરીએ દૂધ આપવા ગયેલ હોય અને ફરીયાદી અને આરોપીઓ વચ્ચે રસ્તો ટુંકો કરવા બાબતે મનદુઃખ હોય, જેના કારણે આરોપી નં.૧ નાંએ ટોમી વડે ફરીયાદીને માથામાં તેમજ ટચલી આંગળીમાં ફ્રેકચર કરી તેમજ ડાબા પગના નળામાં મુંઢ ઈજાઓ કરી તથા આરોપી નં.૨ નાંએ લાકડી વડે સાહેદને ઈજા કરી તેમજ આરોપી નં.૧ નાંએ જો માર્ગ નહીં કાઢી આપો તો જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ મ્હે.જીલ્લા મેજી.પોરબંદરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૨૪,૩૨૫,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં.(૧) : ''નકારમાં''.
મુદા નં.(૨) : આખરી હુકમ મુજબ.

–:: **<u>કા ર ણો</u>** ::–

(૮) **<u>મુદા નં.(૧)</u> :**

આ કામે ફરિયાદ પક્ષે રજૂ રાખેલ પુરાવાની જરુરી ચર્ચા કરીએ તો, ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૨ થી અસલ ફરીયાદ રજૂ થયેલ છે, તે વંચાણે લેતાં, તા.૧૧/૦૬/૨૦૧૭ ના કલાક ૭/૩૦ વાગ્યાના અરસામાં દેવડા ગામે દૂધની ડેરીએ દૂધ આપવા ગયેલ હોય અને ફરીયાદી અને આરોપીઓ વચ્ચે રસ્તો ટુંકો કરવા બાબતે મનદુઃખ હોય, જેના કારણે આરોપી નં.૧ નાંએ ટોમી વડે ફરીયાદીને માથામાં તેમજ ટચલી આંગળીમાં ફ્રેકચર કરી તેમજ ડાબા પગના નળામાં મુંઢ ઈજાઓ કરી તથા આરોપી નં.૨ નાંએ લાકડી વડે સાહેદને ઈજા કરી તેમજ આરોપી નં.૧ નાંએ જો માર્ગ નહીં કાઢી આપો તો જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ મ્હે.જીલ્લા મેજી.પોરબંદરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૩૨૪,૩૨૫, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે કે કેમ તે જોવાનું રહે છે.

(૯) આ કામે મુળ ફરિયાદી રણમલ જેઠાભાઈ કેશવાલાને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ પોતાના સોગંદ ઉપરનાં પુરાવામાં એવી વિગતો જણાવેલી છે કે,'' કોર્ટમાં હાજર આરોપીઓને ઓળખું છું. તેઓની સાથે રાજીખુશીથી કોર્ટ બહાર સમાધાન થઈ ગયેલ છે. હું આ કેસ આગળ ચલાવવા માંગતો નથી. તેમજ આ કામે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતો નથી.

બનાવ તા.૧૧/૦૬/૧૬ ના રોજ બનેલ. તે દિવસે મારે તથા મારા બાપુજીને આરોપીઓ સાથે કોઈ કારણસર સામાન્ય બોલાચાલી થયેલ, તે સિવાય બીજુ કાંઈ બનેલ નથી. આરોપીઓના હાથમાં કોઈ પણ પ્રકારના હથિયાર હતા નહી. જે–તે સમયે મને તથા મારા પિતાને પડી જવાથી ઈજા થયેલી, જે અંગે અમે સારવાર કરાવેલી અને ગેરસમજના કારણે આવેશમાં આવીને ફરીયાદ આપેલ,જે જે ફરીયાદમાં મારી સહી નિશાન ઓળખુ છું. તે **<u>રજુ તે દાખલ આંક–૧૨.</u>** ''આમ આ કામનાં મુળ ફરિયાદી પોતે જ પોતાની ફરિયાદ હકીકતોને સમર્થન આપતા ન હોય, વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ તેઓની વિગતવારની ઉલટતપાસ વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલી છે, જેમાં પણે તેઓએ તેમની આંક–૧૨ વાળી ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ કામનાં મુળ ફરિયાદીએ વિ.એ.પી.પી.શ્રી તરફથી કરવામાં આવેલી ઉલટતપાસ માં પણ પોતાની ફરિયાદ હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી. ત્યારબાદ આ ફરિયાદીની આરોપીઓનાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલી છે, જેમાં તેઓએ એવી હકીકતો જણાવેલી છે કે,''એ વાત ખરી છે કે, બનાવ વખતે સામાન્ય બોલાચાલી સિવાય બીજો કોઈ બનાવ બનેલ ન હતો. એ વાત ખરી છે કે, આરોપીઓ સાથે અમારે હાલમાં કોઈ મનદુઃખ નથી તેમજ અમારે હાલનો કેસ આગળ ચલાવવો નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓના હાથમાં કોઈ ટોમી,લાકડી કે અન્ય કોઈ હથિયાર ન હતા. એ વાત ખરી છે કે, બનાવ સમયે મને તેમજ મારા પિતાને પડી જવાથી ઈજા થયેલી.

(૧૦) આ કામે સાહેદ જેઠાભાઈ મુળુભાઈ કેશવાલાને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપીઓ સાથે તેઓને કોઈ કારણસર સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી. આ સાહેદે ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપતા ન હોય, વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ તેઓની વિગતવારની ઉલટતપાસ વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલી છે, જેમાં પણે તેઓએ તેમની ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રી તરફથી કરવામાં આવેલી ઉલટતપાસ માં પણ પોતાની ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક પુરાવો આપેલ નથી. ત્યારબાદ આ ફરિયાદીની આરોપીનાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલી છે, જેમાં તેઓએ એવી હકીકતો જણાવેલી છે કે,'' બનાવ વખતે સામાન્ય બોલાચાલી સિવાય બીજો કોઈ બનાવ બનેલ ન હતો. એ વાત ખરી છે કે, આરોપીઓ સાથે અમારે હાલમાં કોઈ મનદુઃખ નથી તેમજ અમારે હાલનો કેસ આગળ ચલાવવો નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે આરોપીઓના હાથમાં કોઈ ટોમી,લાકડી કે અન્ય કોઈ હથિયાર હતા નહી. એ વાત ખરી છે કે, બનાવ સમયે મને તેમજ તેમના દિકરાને પડી જવાથી ઈજા થયેલી.

(૧૧) આ કામે ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામુ અસલ આંક–૧૪ થી, આંક–૧૫ થી

આરોપીઓનુ અટક પંચનામુ, આંક–૧૬ થી ફરીયાદીની શરીર સ્થિતીનુ પંચનામુ, આંક–૧૭ થી હથિયારબંધીનુ જાહેરનામુ તથા આંક–૧૮ થી ફરીયાદીને થયેલ ઈજાનું એમ.એલ.સી. સર્ટીફીકટ રજૂ થયેલ છે. આ દસ્તાવેજી પુરાવાઓને આંકે પાડવા સામે આરોપી પક્ષ તરફથી વાંધો લેવામાં આવેલ નથી જેથી સદર દસ્તાવેજો આંકે પાડવામાં આવેલ છે. પરંતુ આગળ ઉપર ચર્ચા કરી તેમ ખુદ ફરિયાદી ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી ત્યારે આ દસ્તાવેજી પુરાવાનું પુરાવાકીય મૂલ્ય ઘટી જાય છે અને ફકત તેના ઉપર આધાર રાખી શકાય નહીં.

(૧૨) આમ, આ રીતે હાલના કેસના સાહેદોના સોગંદ પરના પુરાવા નોંધવામાં આવેલ છે પરંતુ સાહેદો ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલ હોવાથી સદરહુ સાહેદોના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસને તેમજ આંક–૧૨ વાળી ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી.

(૧૩) આ કામે આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી. રજૂ થયેલ પુરાવાથી મુળ ફરિયાદીએ તથા સાહેદએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયેલ છે. **એ.આઈ.આર. ૨૦૦૮, સુપ્રિમકોર્ટ, પાના નંબર–૧૯૬૯ ના કેસમાં** નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,જયારે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય ત્યારે તથા પક્ષકારો વચ્ચે જયારે વ્યકિતગત તકરાર હોય ત્યારે તથા તે તકરારનું નિરાકરણ થઈ ગયેલ હોય ત્યારે અદાલતે સમાધાન સ્વીકારવું જોઈએ અને ફરીયાદ પક્ષની તરફેણમાં ફાયદારૂપ ચુકાદો આપી શકાય તેમ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસી ફોર્માલીટી કરવાની જરૂરીયાત નથી અને તેવી તકરારનો અંત લાવવો જોઈએ અને કોર્ટોએ મુલ્યવાન અને કિંમતી સમય ના વેડફતા તેવા કેસનો સમય બીજા જટિલ અને મહત્વના કેસોમાં આપવો જોઈએ તથા કેસોને લાંબો સમય પેન્ડીંગ રાખવો નહિ તેવો સિધ્ધાંત ઠરાવેલ છે, આ કેસમાં પણ પક્ષકારો વચ્ચે ખાનગી તકરાર છે અને તે તકરારનો સુઃખદ અંત સમાધાનથી આવી ગયેલ છે ત્યારે બાકીના સાહેદોને તપાસવા માટે ફરીયાદ પક્ષને સમય આપવો અને તેનાથી કોર્ટનો કિંમતી સમય વેડફવો તે ન્યાયના હિતમાં ઉચિત નથી અને તે સંજોગોમાં જયારે આ કેસમાં પણ પક્ષકારોએ ખાનગી રાહે અદાલત બહાર ઘરમેળે સમાધાન કરી લીધેલ છે ત્યારે અને પક્ષકારો વચ્ચે સુલેહશાંતિભર્યા સંબંધો છે ત્યારે આ કેસમાં વધુ સાહેદો તપાસવાની ફોર્માલીટી કરવાની જરૂરીયાત નથી તેમ હું માનું છું અને પડેલ પુરાવા પરથી જયારે મુળ ફરીયાદીએ તથા સાહેદે તેઓની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા સાહેદો જાહેર થયેલ છે તેમજ ફરીયાદી તથા સાહેદની ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતા વિરોધાભાસી હકીકતો ફલિત થતી હોય અને બિનસમાધાન પાત્ર ગુન્હા અંગેની કોઈ હકીકત ફલિત થતી ન હોય, ફરીયાદીની આંક–૧૨ ની ફરિયાદની હકીકતો નિઃશંકપણે સાબિત થતી ન હોય તેનું પુરાવાકીય મૂલ્ય રહેતું નથી અને ફકત તેના ઉપર આધાર રાખી શકાય નહીં, તેવા સંજોગોમાં આરોપી ઉપર મુકવામાં આવેલ આરોપ બદલના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોય આરોપી ઉપર મુકાયેલ આરોપ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં

આવે છે.

**<u>—:: હુ ક મ ::—</u>**

(૧) ક્રિ.પ્રો.કોડની કલમ—૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી નં.(૧)નવઘણ પરબત ખુંટી,ઉ.વ.૪૦, નં.(૨)નારણ સાંગા મોરી, ઉ.વ.૪૨, રહે. બંને : દેવડા તા.કુતિયાણાવાળાને ભારતીય દંડ સંહિતાની કલમ—૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ—૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદ્દામાલ મોટરસાયકલ અંગેનો વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. જયારે અન્ય મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓના જામીનખત તથા જાત મુચરકા રદ ગણવા.

(૪) આરોપીઓએ રૂા.૫,૦૦૦/— (અંકે રુપિયા પાંચ હજાર પુરા) ના નવા સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા ક્રિ.પ્રો.કો. કલમ—૪૩૭(એ) અન્વયે રજૂ કરવા.

હુકમ આજ તારીખ ૦૭ મી માહે—એપ્રિલ સને—૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કુતિયાણા

તા.૦૭/૦૪/૨૦૧૮

**(વિરેન્દ્ર શશિકાન્તભાઈ દવે)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,ફર્સ્ટ કલાસ
કુતિયાણા

JUDGES CODE NO.GJ-01138